Banas Dairy

બનાસનાં

# અમૂલ્ય ઉત્પાદનો




Design By : Banas Dairy Media



પ્રકાશન :- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧



Banas Dairy

India's Pride - Asia's Best




બનાસની ધરતીનો

# ધબકાર


અંક: ૩૯ | એપ્રિલ - ૨૦૨૬

www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia


**બનાસ ડેરીના સથવારે 'લખપતિ દીદી' અભિયાનને મળી નવી ગતિ: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી**

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ગરિમામય ઉપસ્થિતિમાં 'દૂધ દિન અને મહિલા જાગૃતિ' કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન**

**રાષ્ટ્રીય ગોકુળ મિશન: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં શ્વેતક્રાંતિથી આત્મનિર્ભરતા તરફનું સોપાન**



# બનાસ ડેરીના સથવારે 'લખપતિ દીદી' અભિયાનને મળી નવી ગતિ: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી

વારાણસીની પવિત્ર ધરતી પર આયોજિત ભવ્ય 'મહિલા સંમેલન'માં દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ મહિલા સશક્તિકરણનો નવો મંત્ર ફૂંક્યો હતો. આ પ્રસંગે તેમણે બનાસ ડેરી સાથે જોડાયેલી ઉત્તર પ્રદેશની મહિલા પશુપાલકોની મહેનતને બિરદાવતા રૂપિયા ૧૦૬ કરોડની બોનસ રકમ સીધી તેમના ખાતામાં જમા કરાવી હતી.

### સ્ત્રી શક્તિ: મજબૂત પરિવાર અને રાષ્ટ્રનો આધાર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે ઘરની મહિલા સશક્ત બને છે, ત્યારે આખો પરિવાર શક્તિશાળી બને છે. મહિલાઓની આર્થિક તાકાત વધવાથી સમાજ અને રાષ્ટ્ર પણ મજબૂત બને છે. તેમણે કહ્યું કે, જ્યારે બહેનોની આર્થિક ભાગીદારી વધે છે, ત્યારે ઘરમાં તેમનો અવાજ પણ મજબૂત બને છે. છેલ્લા ૧૧ વર્ષમાં દેશની અંદાજે ૧૦ કરોડ બહેનો સ્વ-સહાય જૂથો સાથે જોડાઈ છે, જેમાંથી કાશીની ૧.૨૫ લાખ બહેનોનો સમાવેશ થાય છે.

### લખપતિ દીદી અભિયાનમાં બનાસ ડેરીનું અમૂલ્ય પ્રદાન

સરકારના '3 કરોડ લખપતિ દીદી' બનાવવાના સંકલ્પમાં ડેરી સેક્ટરની ભૂમિકા અત્યંત મહત્વની છે. વડાપ્રધાનશ્રીએ આ અભિયાનને વેગ આપવા બદલ બનાસ ડેરીની વિશેષ પ્રશંસા કરી હતી.

કાશીમાં ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલી મહિલાઓને સંબોધતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આ તો માત્ર શરૂઆત છે, બનારસ આગળ વધશે, બનાસકાંઠા ડેરી આગળ વધશે, અને આ બોનસ પણ સતત વધતું રહેશે.




બનાસ ડેરી, જે મહિલા સશક્તિકરણનું એક જીવંત ઉદાહરણ છે, તેણે મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવામાં અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં અસાધારણ યોગદાન આપ્યું છે. મહિલા પશુપાલકોની મહેનત અને સમર્પણ ડેરી ક્ષેત્રની કરોડરજ્જુ સમાન છે, અને તેમના પ્રયાસો જ દેશને આર્થિક પ્રગતિના પંથે આગળ ધપાવી રહ્યા છે.

આ પ્રસંગે, વડાપ્રધાનશ્રીએ બનાસ ડેરીના કાર્યોની પણ પ્રશંસા કરી હતી, જેણે ઉત્તર પ્રદેશમાં ડેરી ઉદ્યોગને નવી દિશા આપી છે અને હજારો મહિલાઓને રોજગારી તથા આત્મનિર્ભરતા પ્રદાન કરી છે. બનાસ ડેરીનું આ મોડેલ અન્ય રાજ્યો માટે પણ પ્રેરણાદાયી છે, જે દર્શાવે છે કે કેવી રીતે સહકારી પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓને સશક્ત કરી શકાય છે અને રાષ્ટ્ર નિર્માણમાં તેમનો ફાળો વધારી શકાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આ સંબોધન અને બનાસ ડેરી દ્વારા મહિલા પશુપાલકોને બોનસ વિતરણ એ દર્શાવે છે કે સરકાર અને સહકારી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી મહિલા સશક્તિકરણનું લક્ષ્ય કેટલી હદે સિદ્ધ કરી શકાય છે. આ પહેલ માત્ર આર્થિક લાભ જ નથી આપતી, પરંતુ મહિલાઓને સમાજમાં તેમનું યોગ્ય સ્થાન અને સન્માન પણ અપાવે છે, જે એક મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે અનિવાર્ય છે.





**બનાસકાંઠા મોડેલનો વિસ્તાર:** બનાસ ડેરીના સહકારથી કાશી અને ઉત્તર પ્રદેશની લાખો મહિલા પશુપાલકો આજે આર્થિક રીતે આત્મનિર્ભર બની રહી છે.

**રૂપિયા ૧૦૬ કરોડનું બોનસ:** બનાસ ડેરી સાથે જોડાયેલી બહેનોને સીધા તેમના બેંક ખાતામાં ૧૦૬ કરોડ રૂપિયાનું બોનસ મળ્યું છે, જે તેમની મહેનતનું પરિણામ છે.

**ભવિષ્યનું વિઝન:** વડાપ્રધાન શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ તો માત્ર શરૂઆત છે. જેમ જેમ વારાણસી અને બનાસ ડેરીનો વ્યાપ વધશે, તેમ તેમ બહેનોની આવક અને બોનસની રકમમાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહેશે.

બનાસ ડેરી માત્ર દૂધનું પ્રોસેસિંગ જ નથી કરતી, પરંતુ લાખો પરિવારોમાં સમૃદ્ધિના દ્વાર ખોલી રહી છે. વડાપ્રધાનશ્રીના હસ્તે અપાયેલું આ બોનસ એ વાતનું પ્રતીક છે કે 'શ્વેત ક્રાંતિ' અને 'મહિલા સશક્તિકરણ' એકબીજાના પૂરક બનીને નવા ભારતનું નિર્માણ કરી રહ્યા છે.

## બનાસ ડેરીનો સાથ, પ્રત્યેક બહેનનો વિકાસ!







# બનાસની ધરા પર વિકાસનો સૂર્યોદય: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આપી રૂ. ૧૯,૮૦૦ કરોડના પ્રકલ્પોની ભેટ

### બનાસકાંઠાના આંગણે ઈતિહાસ રચાયો: ડીસા એરબેઝથી સંરક્ષણ અને પરિવહનના નવા દ્વાર ખુલ્યા

### પશુપાલકોની સમૃદ્ધિ માટે બાયો-સીએનજી ક્રાંતિ અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય

"વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત"ના સંકલ્પ સાથે સરહદી વિસ્તાર વાવ-થરાદની પવિત્ર ધરા પરથી વિશ્વનેતા અને આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સમગ્ર ગુજરાતને રૂ.૧૯,૮૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ ધરી છે. "વિરાસત, વિકાસ અને વિશ્વાસ"ના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા પ્રત્યેનો પોતાનો અતૂટ સ્નેહ પુનઃ પ્રદર્શિત કર્યો હતો.

**બનાસકાંઠા સાથે આત્મીય નાતો**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભૂતકાળને વાગોળતા ભાવુક થઈને જણાવ્યું હતું કે, "બનાસકાંઠાનું કોઈ ગામ એવું નથી જ્યાં મારી યાદો ન જોડાયેલી હોય." તેમણે અહીંના લોકોના સ્નેહ અને 'બાજરીના રોટલા-લસણની ચટણી'ના પ્રેમને યાદ કરી ઉત્તર ગુજરાત સાથેના પોતાના અતૂટ સંબંધોને વાગોળ્યા હતા. ૨૫ વર્ષ પહેલાં જે વિકાસની જવાબદારી જનતાએ તેમને સોંપી હતી, તે આજે 'મિશન મોડ'માં પૂર્ણ થઈ રહી છે તેનો તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

**બનાસ ડેરી અને શ્વેત ક્રાંતિનું નવું સોપાન**

આ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીના માધ્યમથી પશુપાલકોના જીવનમાં આવી રહેલા પરિવર્તનની વિશેષ નોંધ લીધી હતી. ગાયના ગોબરમાંથી બાયો-સીએનજી ઉત્પન્ન કરવાની ક્રાંતિ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે:

વાવ-થરાદની પવિત્ર ધરતી પર આયોજિત ભવ્ય જનસભાને સંબોધતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને ભારતના સુવર્ણકાળ સમાન ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ભારતને આંતરિક અને બાહ્ય સુરક્ષાની દ્રષ્ટિએ સૌથી વધુ સુરક્ષિત રાષ્ટ્ર બનાવ્યું છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, સરહદી વિસ્તારની સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે થરાદ ખાતે નિર્મિત નવા એરપોર્ટ અને ત્યાં વિમાનનું સફળ લેન્ડિંગ એ આ વિસ્તાર માટે ઐતિહાસિક ઘટના છે. સાથે જ, સાપરા ગામ પાસે સિવિલ એવિએશન ટર્મિનલની મંજૂરી મળતા હવે સ્થાનિક લોકો 'ઉડાન' યોજના હેઠળ હવાઈ મુસાફરીનો લાભ લઈ શકશે, તેમણે ઉમેર્યું કે, બૃહદ બનાસકાંઠા જિલ્લો પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી તરફ વળ્યો છે ત્યારે એર કાર્ગો સુવિધાને કારણે અહીંના બટાકા, શાકભાજી અને દૂધની પ્રોડક્ટ્સ દેશ-વિદેશના બજારોમાં ઝડપથી પહોંચશે, જે નવી પેઢી માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરશે.

પ્રધાનમંત્રી શ્રી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા તેમણે જણાવ્યું કે, વહીવટી સરળતા માટે વાવ-થરાદ નવા જિલ્લાની રચના તેમજ લાખણી, રાહ, ધરણીધર અને ઓગડ જેવા નવા તાલુકાઓની ભેટ આ વિસ્તારના વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે.

ભૂતકાળના દુષ્કાળના દિવસોને યાદ કરતા ચેરમેનશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે નર્મદાના નીર અને સુજલામ્ સુફલામ્ કેનાલ દ્વારા આ ધરતીની તરસ છીપાવી છે. સાથે તેમણે ગર્વ સાથે જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ જે કન્યા કેળવણીના બીજ રોપ્યા હતા, તેના ફળસ્વરૂપે આજે બનાસકાંઠા જિલ્લો ધોરણ-૧૦ના પરિણામમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે આવ્યો છે. આ વિસ્તાર આજે સૌથી વધુ ડોક્ટરો દેશને આપી રહ્યો છે.



બનાસ ડેરીના માધ્યમથી ગાયના ગોબરમાંથી બાયો-સીએનજી ઉત્પન્ન કરવાની ક્રાંતિની ચર્ચા કરતા તેમણે જણાવ્યું કે, આગામી સમયમાં વધુ ૩ બાયો-સીએનજી પ્લાન્ટ શરૂ કરવામાં આવશે, જેનાથી પશુપાલકોની આવક બમણી થશે, સાથે સાથે નડાબેટ (સુઈગામ) ખાતે બોર્ડર ટુરિઝમના વિકાસને કારણે રોજગારીની નવી તકો ઊભી થઈ હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.



# બનાસની બહેનોનું આત્મસન્માન અને તેમની મહેનત એ જ ગુજરાતના વિકાસનું એન્જિન છે:


## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ




બનાસકાંઠાની સૂકી ધરતી પર જ્યારે મહેનતનો પરસેવો રેલાય છે ત્યારે ત્યાં દૂધની નદીઓ વહેવા લાગે છે. આ નદીને વહેતી રાખવાનું ભગીરથ કાર્ય જિલ્લાની પશુપાલક બહેનો કરી રહી છે. ગત ૧૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ થરાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં અને હજારો પશુપાલકોની ઉપસ્થિતિમાં દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યકરની ભવ્ય ઉજવણી કરવામાં આવી, જેમાં પશુપાલન ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર મહિલા પશુપાલકોને સન્માનિત કરાઈ હતી. બનાસ ડેરી સાથે જોડાઈને મહિલાઓ પોતાની અથાક મહેનતથી સમાજ, શહેર અને દેશની આર્થિક પ્રગતિનો મજબૂત પાયો બની છે. બનાસ ડેરી તથા GCMMFના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમ માત્ર એક સંસ્થાકીય મેળાવડો નહોતો, પરંતુ તે બનાસની નારી શક્તિના સામર્થ્યનું પ્રદર્શન હતું.

### નેતૃત્વના નવા આયામો

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં જે દ્રશ્યો જોવા મળ્યા તે બદલાતા બનાસ વિસ્તારની સાક્ષી પૂરતા હતા. એક સમયે ઘરના ઉંબરા સુધી મર્યાદિત રહેતી ગ્રામીણ મહિલાઓ આજે હજારોની સંખ્યામાં એકઠી થઈને ડેરી ઉદ્યોગના ભવિષ્યની ચર્ચા કરી રહી છે. કાર્યક્રમમાં બહેનોનો ઉત્સાહ એ વાતની સાબિતી છે કે તેઓ હવે માત્ર દૂધ ઉત્પાદક નથી રહી, પરંતુ વહીવટ અને આર્થિક વ્યવહારોમાં પણ નેતૃત્વની ભૂમિકા ભજવી રહી છે. દૂધ ઉત્પાદનથી શરૂ થયેલી તેમની આ સફર હવે સાચા અર્થમાં 'સમૃદ્ધિની યાત્રા' બની ચૂકી છે.





### દૂધના દરેક બુંદમાં છુપાયેલું સમર્પણ

બનાસ ડેરીની સફળતાના સ્તંભો પશુપાલક બહેનોનો અવિરત પરિશ્રમ છે. કાળઝાળ ગરમી હોય કે કડકડતી ઠંડી, વહેલી સવારથી પશુઓની માવજત કરવી અને દૂધ મંડળી સુધી પહોંચાડવું એ તેમની દિનચર્યાનો ભાગ છે. આ અદમ્ય સંઘર્ષના પરિણામે જ બનાસ ડેરી આજે વિશ્વ કક્ષાએ ડંકો વગાડી રહી છે. આ માત્ર ડેરીના ટર્નઓવરની વાત નથી, પરંતુ તેનાથી ગ્રામીણ ભારતના શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રમાં જે આમૂલ પરિવર્તન આવ્યું છે તે નોંધપાત્ર છે. ડેરીના માધ્યમથી થતી આવકે ગ્રામીણ પરિવારોનું જીવનધોરણ ઊંચું લાવવામાં હકારાત્મક ભૂમિકા ભજવી છે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ પોતાનું મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતની વિકાસયાત્રામાં પશુપાલકો અને માતૃશક્તિનું યોગદાન અતુલનીય છે. મુખ્યમંત્રીશ્રીએ નોંધ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને બનાસ ડેરીએ સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે રાજ્ય સરકાર હંમેશા પશુપાલકોના હિત માટે કટિબદ્ધ છે અને જ્યારે છેવાડાના ગામની મહિલા આર્થિક રીતે સક્ષમ બને છે, ત્યારે જ વિકસિત ભારતનું સપનું સાકાર થાય છે. બનાસ ડેરી દ્વારા પૂરી પાડવામાં આવતી પારદર્શિતા અને સહકારના કારણે આજે લાખો પરિવારોના જીવનમાં ખુશહાલી આવી છે. દૂધ દિવસની આ ઉજવણી માત્ર એક પ્રસંગ નથી, પરંતુ પશુપાલકોના શ્રમ અને સમાજ પ્રત્યેના તેમના નિઃસ્વાર્થ સમર્પણને સન્માનિત કરવાનો એક મહાન અવસર છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠાની નારી શક્તિ અને બનાસ ડેરીની કામગીરીને બિરદાવતા સંદેશ પાઠવતા તેમણે જણાવ્યું હતું કે, "ગુજરાત આજે જે રીતે 'ગ્લોબલ હબ' બની રહ્યું છે, તેનો શ્રેય રાજ્યના પશુપાલકો અને ખાસ કરીને આપણી માતૃશક્તિને જાય છે. બનાસકાંઠાની બહેનોએ પશુપાલનને એક વ્યવસાય નહીં, પણ એક સંસ્કાર બનાવીને આર્થિક ક્રાંતિની મશાલ પ્રગટાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે રાજ્ય સરકાર અને બનાસ ડેરીના સંયુક્ત પ્રયાસોથી આજે છેવાડાના ગામની મહિલાને પણ તેના દૂધના પૂરેપૂરા નાણાં સીધા ખાતામાં મળે છે, જે 'ડિજિટલ ઇન્ડિયા'નું ઉત્તમ ઉદાહરણ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર બનાસકાંઠામાં સાચા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે. જ્યારે ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બને છે, ત્યારે જ વિકસિત ભારતનું સપનું સાકાર થાય છે. મુખ્યમંત્રીશ્રીએ નોંધ્યું હતું કે પશુપાલન માત્ર આવકનું સાધન નથી, પરંતુ તે સમાજને પોષણ પૂરું પાડવાનું પવિત્ર કાર્ય છે. રાજ્ય સરકાર હંમેશા પશુપાલકોના હિતમાં અને તેમની સુરક્ષા માટે નવી યોજનાઓ દ્વારા કટિબદ્ધ છે.

### આર્થિક નિર્ણાયક શક્તિ અને સામાજિક પરિવર્તન

કાર્યક્રમના મુખ્ય વક્તા અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મહિલાઓ સાથે ખૂબ જ હૃદયસ્પર્શી સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, "બનાસ ડેરીની સૌથી મોટી સિદ્ધિ એ છે કે અમે દૂધના નાણાં સીધા બહેનોના બેંક ખાતામાં જમા કરીએ છીએ." આ વિધાન પાછળ ઊંડો સામાજિક અર્થ છુપાયેલો છે. જ્યારે નાણાં સ્ત્રીના હાથમાં આવે છે, ત્યારે તેનો ઉપયોગ આખા પરિવારના ઉત્થાન માટે થાય છે.

ચેરમેનશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આ આર્થિક શક્તિને કારણે જિલ્લાના શૈક્ષણિક સ્તરમાં ક્રાંતિકારી સુધારો થયો છે. પહેલા જે જિલ્લો પછાત ગણાતો હતો, આજે ત્યાંની દીકરીઓ ડૉક્ટર, એન્જિનિયર અને આઈ.એ.એસ. ઓફિસર બનવાના સપના જુએ છે અને તેને સાકાર પણ કરે છે. ધોરણ ૧૦ અને ૧૨ના શ્રેષ્ઠ પરિણામો પાછળ આ જ પશુપાલક માતાઓની મહેનતની કમાણી રહેલી છે.

### આત્મનિર્ભરતાનો નવો સૂર્યોદય

આજે બનાસકાંઠાની મહિલા પશુપાલકો લાખો રૂપિયાની કમાણી કરી રહી છે. આ આત્મનિર્ભરતાએ તેમને સામાજિક રીતે પણ મજબૂત બનાવી છે. હવે તેઓ કોઈની સામે હાથ ફેલાવવાને બદલે પોતાના દમ પર ઘર અને અર્થતંત્ર ચલાવે છે. શ્રી શંકરભાઈએ અંતે સચોટ વાત કરી કે, "જ્યારે સ્ત્રી સશક્ત બને છે, ત્યારે આખું રાષ્ટ્ર સશક્ત બને છે."

દૂધ દિવસની આ ઉજવણી એ પશુપાલક પરિવારોના નિ:સ્વાર્થ યોગદાનને વંદન કરવાનો અવસર હતો. બનાસ ડેરી માત્ર દૂધ ખરીદતી સંસ્થા નથી, પણ લાખો મહિલાઓના સપનાઓને પાંખો આપતી એક વિચારધારા છે. આવનારા સમયમાં આ શ્વેતક્રાંતિ વધુ તેજ બનશે અને દૂધના દરેક ટીપામાં સમૃદ્ધિનું પ્રતિબિંબ જોવા મળશે તેવો દ્રઢ સંકલ્પ આ કાર્યક્રમ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.







# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ગરિમામય ઉપસ્થિતિમાં 'દૂધ દિન અને મહિલા જાગૃતિ' કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન




**બનાસ ડેરીના નિયામક મંડળમાં બહેનોને સ્થાન મળવું એ મહિલા સશક્તિકરણની દિશામાં ક્રાંતિકારી કદમ: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી.**

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ ૨૪,૦૦૦ કરોડનું ટર્નઓવર વટાવી વિશ્વ સ્તરે ડંકો વગાડ્યો: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી.**

બનાસ ડેરી અને GCMMFના સંયુક્ત ઉપક્રમે બનાસ સંકુલ સણાદર ખાતે આદરણીય ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં 'દૂધ દિન' અને 'મહિલા જાગૃતિ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત મહિલા પશુપાલકોએ વિકસિત બનાસના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈ પશુપાલન ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનું માર્ગદર્શન મેળવ્યું હતું.

### બનાસ ડેરીમાં મહિલાઓ હવે નિર્ણાયક ભૂમિકામાં: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

આ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, "બનાસ ડેરીના નિયામક મંડળમાં મહિલાઓને ડિરેક્ટર તરીકે સ્થાન આપીને અમે સાચા અર્થમાં મહિલા સશક્તિકરણને વેગ આપ્યો છે હવે જિલ્લાની લાખો બહેનો વતી મહિલા ડિરેક્ટરો સંસ્થાના મહત્વના નિર્ણયો લેશે. જે રીતે ઈતિહાસમાં રાજા રામમોહનરાયે મહિલાઓના ઉત્થાન માટે ક્રાંતિ કરી હતી, તેવી જ રીતે બનાસ ડેરીએ પશુપાલક બહેનોને આર્થિક રીતે સમૃદ્ધ અને સશક્ત બનાવી છે." તેમણે બનાસની પ્રગતિમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકારના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.








**બનાસનું મોડેલ વિશ્વ માટે આશ્ચર્ય સમાન: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી**

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ બનાસકાંઠાની મહિલાઓના સંઘર્ષ અને મહેનતને બિરદાવતા કહ્યું હતું કે, "શ્રી શંકરભાઈ ચૌધરીના કુશળ નેતૃત્વમાં બનાસ ડેરીનું ટર્નઓવર ૨૪,000 કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે, જે વિશ્વસ્તરની સિદ્ધિ છે. જ્યારે વિદેશની મહિલાઓ સાંભળે છે કે બનાસકાંઠાના સરહદી વિસ્તારની બહેનો પશુપાલન થકી મહિને લાખો અને વર્ષે કરોડો રૂપિયા કમાય છે, ત્યારે તેઓ પણ આશ્ચર્યચકિત થઈ જાય છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, જો આ બહેનો સફળતાપૂર્વક ડેરી અને પરિવાર ચલાવી શકતી હોય, તો પ્રધાનમંત્રીશ્રીના 33% મહિલા અનામતના નિર્ણયથી દેશના સંસદમાં પણ બહેનો નિર્ણાયક ભૂમિકા ભજવશે.

છેલ્લા એક દાયકામાં બનાસ ડેરીમાં થયેલા અવિરત વિકાસ કાર્યો, નવીન પ્રયોગો અને પશુપાલકોની આર્થિક ઉન્નતિ બદલ ઉપસ્થિત હજારો મહિલાઓએ હર્ષનાદ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને વહીવટી તંત્રનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.



“

## ભારતની મહિલાઓના આત્મવિશ્વાસ, સખત પરિશ્રમ અને આર્થિક આઝાદીનું જો કોઈ પર્યાય હોય તો

# તે બનાસ ડેરી છે

Banas Dairy



## બનાસની પવિત્ર ધરા અને અહીંના અથાક પરિશ્રમી પશુપાલકોને વંદન જેમની નિષ્ઠાએ ભારતને વિશ્વના શ્વેત ફલક પર સર્વોચ્ચ સ્થાન અપાવ્યું છે


















બનાસકાંઠાની જીવાદોરી ગણાતી બનાસ ડેરી દ્વારા પાલનપુર અને વડગામ તાલુકાની મહિલા પશુપાલકો માટે ‘દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ’ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમે પશુપાલન ક્ષેત્રે મહિલાઓના વર્ચસ્વને ફરી એકવાર સાબિત કર્યું છે.

**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું પ્રેરણાદાયી સંબોધન**

કાર્યક્રમ દરમિયાન પશુપાલક બહેનો સાથે સંવાદ કરતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભાવુક અને પ્રોત્સાહક શબ્દોમાં જણાવ્યું હતું કે "બનાસ ડેરી આજે જે ઊંચાઈ પર પહોંચી છે, તેનો ખરો યશ રાત-દિવસ પશુઓની સેવા કરતી આપણી માતાઓ અને બહેનોને જાય છે. જ્યારે એક બહેન પશુપાલન સાથે જોડાય છે, ત્યારે માત્ર એક પરિવાર જ નહીં પરંતુ આખું ગામ આર્થિક રીતે સદ્ધર બને છે. તમારી મહેનત અને સમર્પણ એ બનાસ ડેરીનો પાયો છે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "આધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પશુપાલન અપનાવીને તમે જે રીતે દૂધનું ઉત્પાદન વધાર્યું છે, તે બદલ હું તમને વંદન કરું છું. સરકાર અને ડેરી હંમેશા તમારી પડખે ઊભી છે."

ઉત્કૃષ્ટ કામગીરીનું સન્માન
આ અવસરે પશુપાલન ક્ષેત્રે આધુનિક પદ્ધતિઓ અપનાવીને સૌથી વધુ દૂધ ભરાવનાર અને પશુઓની માવજતમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર મહિલાઓને ચેરમેનશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી. આ સન્માન માત્ર એક એવોર્ડ નથી, પરંતુ હજારો અન્ય મહિલાઓ માટે આત્મનિર્ભર બનવાની પ્રેરણા છે.

“

# બનાસ ડેરી: મહિલા શક્તિના સાથથી ગ્રામીણ અર્થતંત્રનો મજબૂત સ્તંભ

”







બનાસ ડેરીમાં મહિલાઓનું અતુલ્ય યોગદાન
બનાસ ડેરીની સફળતા પાછળ મહિલા પશુપાલકોનું યોગદાન અનેક રીતે મહત્વનું છે:

**આર્થિક સ્વાતંત્ર્ય:** પશુપાલન દ્વારા ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર બની છે, જેનાથી તેમના પરિવારનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

**શ્વેત ક્રાંતિના પ્રણેતા:** બનાસકાંઠામાં શ્વેત ક્રાંતિ લાવવામાં પુરુષો કરતા મહિલાઓનો ફાળો સવિશેષ રહ્યો છે. સવાર-સાંજ દૂધ ભરાવવાથી લઈને પશુઓના સ્વાસ્થ્યની સંભાળ સુધીની તમામ જવાબદારી બહેનો ખૂબ જ ચીવટથી નિભાવે છે.

**આધુનિક અભિગમ:** બદલાતા સમય સાથે મહિલાઓ હવે આધુનિક ડેરી ફાર્મિંગ, ગુણવત્તાયુક્ત ઘાસચારો અને પશુ આહારના મહત્વને સમજીને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરી રહી છે.

આજના આ કાર્યક્રમ દ્વારા સાબિત થયું છે કે જ્યારે મહિલા શક્તિ સંગઠિત થાય છે, ત્યારે તે અશક્યને પણ શક્ય કરી બતાવે છે. બનાસ ડેરી અને શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં આ મહિલાઓ માત્ર દૂધનું ઉત્પાદન નથી કરી રહી, પરંતુ 'વિકસિત ભારત' ના સ્વપ્નને ગ્રામીણ સ્તરે સાકાર કરી રહી છે.

**અભિનંદન એ તમામ બહેનોને જેઓ પોતાની મહેનતથી બનાસની ધરાને હરિયાળી અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવી રહી છે!**







ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થાના હૃદય સમાન પશુપાલન ક્ષેત્ર આજે એક અભૂતપૂર્વ પરિવર્તનના આરે ઊભું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં, પશુપાલન માત્ર એક વ્યવસાય મટીને ગ્રામીણ સમૃદ્ધિ અને મહિલા સશક્તિકરણનું સબળ માધ્યમ બન્યું છે. બનાસ ડેરી, જે આજે એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ઉભરી આવી છે, તે વડાપ્રધાનશ્રીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનનું જીવંત ઉદાહરણ છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વિઝન: પશુપાલન અને મહિલા સશક્તિકરણનો નવો સૂર્યોદય



### પશુપાલન: ગ્રામીણ અર્થતંત્રનો મજબૂત સ્તંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી હંમેશા માને છે કે પશુપાલન ક્ષેત્ર એ ગ્રામીણ અર્થવ્યવસ્થાનો 'હાઈ-ગ્રોથ પિલર' છે. ભારત આજે વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે, અને આ સફળતા પાછળ વૈજ્ઞાનિક અભિગમ અને આધુનિક ટેકનોલોજીનો મોટો હાથ છે. વડાપ્રધાનશ્રીના વિઝન મુજબ, પશુપાલનમાં માત્ર ઉત્પાદન વધારવું પૂરતું નથી, પરંતુ પશુઓની ઓલાદ સુધારણા (Breeding Quality), રોગ નિવારણ અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન પર ધ્યાન આપવું અનિવાર્ય છે.

રાષ્ટ્રીય ગોકુલ મિશન અને પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કરોડો પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે, જેનાથી પશુપાલકોના આર્થિક નુકસાનમાં ઘટાડો થયો છે. કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) ની સુવિધા હવે પશુપાલકોને પણ ઉપલબ્ધ કરાવીને તેમને સાહુકારોના ચુંગાલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

### મહિલા સશક્તિકરણ: ડેરી ઉદ્યોગની કરોડરજ્જુ

ડેરી ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે. વડાપ્રધાનશ્રીના મતે, જ્યારે એક મહિલા આર્થિક રીતે સશક્ત બને છે, ત્યારે આખો પરિવાર અને સમાજ પ્રગતિ કરે છે. 'લખપતિ દીદી' અભિયાન આ વિઝનનું એક મહત્વનું પાસું છે. વર્ષ ૨૦૨૮ સુધીમાં ૩ કરોડ મહિલાઓને 'લખપતિ દીદી' બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રની બહેનોની ભૂમિકા પાયાની છે.

બનાસ ડેરીના માધ્યમથી હજારો મહિલાઓ આજે માત્ર દૂધ ઉત્પાદક જ નહીં, પણ સફળ ઉદ્યોગસાહસિક બની છે. વડાપ્રધાનશ્રી જ્યારે પણ બનાસકાંઠા કે કાશીની મુલાકાતે આવે છે, ત્યારે તેઓ અચૂકપણે પશુપાલક બહેનો સાથે સંવાદ કરે છે. આ સંવાદોમાં બહેનોના આત્મવિશ્વાસમાં થયેલો વધારો સ્પષ્ટપણે દેખાય છે. દૂધના વેચાણથી મળતી રકમ સીધી બહેનોના બેંક ખાતામાં જમા થવાથી તેમને આર્થિક સ્વતંત્રતા અને સામાજિક સન્માન મળ્યું છે.

### બનાસ ડેરી: એક વૈશ્વિક મોડેલ

બનાસ ડેરીએ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજી અને સહકારનો અદભૂત સમન્વય સાધ્યો છે.

ગોબરધન યોજના દ્વારા પશુઓના છાણમાંથી બાયો-સીએનજી અને ખાતર બનાવીને પશુપાલકોની આવક બમણી કરવાની દિશામાં બનાસ ડેરીએ ક્રાંતિકારી ડગ માંડ્યા છે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પશુઓ માટેના ડિજિટલ આઈડી જેવી પહેલોથી પશુપાલન ક્ષેત્ર વધુ પારદર્શક અને કાર્યક્ષમ બન્યું છે.

બનાસ ડેરીની સફળતા હવે માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. વડાપ્રધાનશ્રીના આગ્રહથી બનાસ ડેરીએ ઉત્તર પ્રદેશના કાશી (વારાણસી) માં પણ પશુપાલકોના ભાગ્ય બદલવાનું કામ શરૂ કર્યું છે. આ દર્શાવે છે કે એક સફળ સહકારી મોડેલ કેવી રીતે સમગ્ર દેશમાં પરિવર્તન લાવી શકે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનું વિઝન સ્પષ્ટ છે: પશુપાલન ક્ષેત્રને આધુનિક બનાવવું અને મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર કરવી. બનાસ ડેરી આ વિઝનને સાકાર કરવામાં અગ્રેસર છે. આવનારા સમયમાં 'વ્હાઈટ રિવોલ્યુશન ૨.૦' (શ્વેત ક્રાંતિ ૨.૦) દ્વારા ભારત વિશ્વની ડેરી તરીકે ઉભરી આવશે, જેમાં આપણી પશુપાલક બહેનો અને બનાસ ડેરી જેવી સંસ્થાઓનો સિંહફાળો હશે.

ચાલો, આપણે સૌ સાથે મળીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના સંકલ્પને પશુપાલન અને મહિલા શક્તિના જોરે સાકાર કરીએ.

# બનાસ ડેરી:
# શ્વેત ક્રાંતિથી 'બહુઆયામી' ક્રાંતિ



આજથી એક દાયકા પહેલા 'બનાસ ડેરી'નું નામ પડે એટલે મનમાં માત્ર દૂધ એકત્રિત કરતી અને તેનું વેચાણ કરતી એક સહકારી સંસ્થાનું ચિત્ર ઉપસતું. પરંતુ, છેલ્લા ૧૦ વર્ષમાં આ ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના કુશળ અને દીર્ઘદ્રષ્ટિવાળા નેતૃત્વ હેઠળ, આ ડેરી આજે માત્ર એશિયાની સૌથી મોટી ડેરી જ નથી રહી, પણ ગ્રામીણ ઉત્થાન અને મોડેલ બિઝનેસનું એક જીવંત ઉદાહરણ બની ગઈ છે. આજે ભારતભરમાંથી લોકો અહીં પશુપાલકોની આર્થિક ઉન્નતિ અને મહિલા સશક્તિકરણની ગાથા સમજવા માટે કેસ સ્ટડી કરવા આવે છે.

### શ્વેત ક્રાંતિ સાથે 'મીઠી ક્રાંતિ': મધનું ઉત્પાદન

સામાન્ય રીતે ડેરીનું કામ પશુઓનું દૂધ લેવાનું હોય છે, પરંતુ શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોની આવક બમણી કરવાના હેતુથી 'હની રિવોલ્યુશન' એટલે કે મીઠી ક્રાંતિનો પ્રારંભ કર્યો. જે પશુપાલકો અત્યાર સુધી માત્ર દૂધ ભરાવતા હતા, તેઓ હવે ડેરીના સહયોગથી મધમાખી ઉછેર કરતા થયા છે. આજે બનાસ ડેરી મધનું મોટા પાયે સંકલન કરી રહી છે, જેના કારણે ખેડૂતો દૂધની સાથે મધ વેચીને પણ વધારાની મજબૂત આવક મેળવી રહ્યા છે. દૂધ અને મધનો આ સંગમ બનાસકાંઠાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.





### ખેતીમાં નવો આયામ: બટાકાની કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અને પ્રોસેસિંગ

બનાસકાંઠા એટલે બટાકાનું હબ, પણ ખેડૂતો હંમેશા તેના ઘટતા ભાવોથી ચિંતિત રહેતા. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે બનાસ ડેરીએ દૂધની મર્યાદા ઓળંગીને બટાકાના વ્યવસાયમાં ઝંપલાવ્યું. ડેરીએ ખેડૂતો સાથે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ખેતી શરૂ કરાવી અને બટાકામાંથી બનતી ખાદ્ય ચીજવસ્તુઓ (જેમ કે ફ્રેન્ચ ફ્રાઈસ અને પેટિસ) બનાવવાનું વિશાળ પ્લાન્ટ શરૂ કર્યું. આજે પશુપાલક ખેતરમાં દૂધની સાથે બટાકા પકવે છે અને તેને બજારના ભરોસે રહેવાને બદલે બનાસ ડેરીને સીધા વેચીને નિશ્ચિત અને સારો નફો મેળવી રહ્યો છે.

### કચરામાંથી કંચન: ગોબર અને મૂત્રની ખરીદી તથા આવકનું નવું સાધન

પશુપાલનમાં પશુ જ્યારે દૂધ આપતું બંધ થાય ત્યારે તે પશુપાલક માટે આર્થિક બોજ સમાન બની જતું હોય છે. પરંતુ શ્રી શંકરભાઈ ચૌધરીએ એક ક્રાંતિકારી વિચાર અમલમાં મૂક્યો – પશુઓના છાણ (ગોબર) અને મૂત્રની ખરીદી. પશુ ભલે દૂધ ન આપે, પણ તે છાણ અને મૂત્ર આપવાનું ક્યારેય બંધ નથી કરતું. આ પ્રોજેક્ટના કારણે પશુપાલકોને પશુના અંતિમ સમય સુધી કમાણી થતી રહી છે. આનાથી માત્ર પશુપાલકની આવક જ નથી વધી, પણ પશુધન પ્રત્યેની તેમની લાગણી અને આર્થિક સુરક્ષા પણ મજબૂત થઈ છે.



### વિશ્વમાં અનોખી પહેલ: દૂધમાંથી બાયો-CNG ગેસનું ઉત્પાદન

વિશ્વમાં કદાચ ભાગ્યે જ કોઈ એવી ડેરી હશે જે ગેસનું ઉત્પાદન કરતી હોય, પણ બનાસ ડેરીએ આ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. પશુપાલકો પાસેથી મેળવેલા ગોબરમાંથી બનાસ ડેરીએ 'બાયો-સીએનજી' (Bio-CNG) બનાવવાનું શરૂ કર્યું. આજે બનાસ ડેરીના પંપ પરથી આ ગેસનું વેચાણ થાય છે. દૂધ અને ગેસને ભલે ટેકનિકલી કોઈ લેવા-દેવા ન હોય, પણ પશુપાલકની સમૃદ્ધિ સાથે સીધો સંબંધ છે. આ પ્રોજેક્ટ પર્યાવરણની સુરક્ષા અને ખેડૂતની આર્થિક ઉન્નતિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.

### પ્રાકૃતિક ખેતીને વેગ: સસ્તું અને ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક ખાતર

વધુ પડતા રાસાયણિક ખાતરોના વપરાશથી જમીન બંજર બની રહી છે, ત્યારે બનાસ ડેરીએ પશુપાલકોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે ગોબરમાંથી જ 'બનાસ જૈવિક ખાતર'નું નિર્માણ કર્યું છે. ડેરી પશુપાલકો પાસેથી છાણ ખરીદે છે અને તેમાંથી શુદ્ધ ઓર્ગેનિક ખાતર બનાવી ખેડૂતોને અત્યંત સસ્તા દરે પરત આપે છે. આનાથી ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટ્યો છે અને ખેતી ઝેરમુક્ત બની રહી છે. આમ, દૂધ ઉત્પાદનથી શરૂ થયેલી આ સફર આજે પશુપાલકોના ખેતરના ખૂણે-ખૂણે પહોંચી છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વિઝનરી નેતૃત્વમાં બનાસ ડેરીએ સાબિત કરી દીધું છે કે જો નેતૃત્વ મજબૂત હોય અને પાયાના માણસના વિકાસની ચિંતા હોય, તો એક સહકારી સંસ્થા શું ન કરી શકે! આજે બનાસ ડેરી માત્ર દૂધ વેચનારી સંસ્થા નથી, પણ લાખો પશુપાલકોના જીવનમાં ઉજાસ પાથરનારું એક શક્તિશાળી આર્થિક એન્જિન છે.



# રાષ્ટ્રીય ગોકુળ મિશન: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં શ્વેતક્રાંતિથી આત્મનિર્ભરતા તરફનું સોપાન

**"આપણા મૂળિયાંનું જતન, આપણા ભવિષ્યનું સશક્તિકરણ"**

ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર સ્તંભ પશુપાલન છે. આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી હંમેશા માને છે કે જો ખેડૂત અને પશુપાલક સમૃદ્ધ હશે, તો જ ભારત આત્મનિર્ભર બનશે. આ વિઝનને સાકાર કરવા માટે તેમના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય ગોકુળ મિશન' અભિયાન કાર્યરત છે, જે આજે દેશના પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.



### સ્વદેશી સંવર્ધન: વારસાનું જતન

વડાપ્રધાન મોદીજીએ હંમેશા ભારતની ભૌગોલિક વિવિધતા અને આપણી સ્વદેશી ગાયોની ક્ષમતા પર ભાર મૂક્યો છે. રાષ્ટ્રીય ગોકુળ મિશન દ્વારા ગીર, સાહિવાલ અને રાઠી જેવી અમૂલ્ય ભારતીય નસલોનું સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ મિશન માત્ર પશુઓની સંખ્યા વધારવા માટે નથી, પરંતુ તેમની જિનેટિક ગુણવત્તા સુધારીને પશુપાલકોની આવક બમણી કરવા માટેનું એક સુદ્રઢ આયોજન છે.

### મુખ્ય ઉદ્દેશ્યો અને પશુપાલકોને લાભ:

**દૂધ ઉત્પાદનમાં વધારો:** અત્યાધુનિક ટેકનોલોજી અને આનુવંશિક સુધારા દ્વારા પશુઓની દૂધ ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો થયો છે.

**રોગ પ્રતિકારક શક્તિ:** સ્વદેશી નસલના પશુઓ ભારતીય વાતાવરણને અનુકૂળ હોવાથી બીમારીઓ સામે વધુ લડી શકે છે, જેનાથી પશુપાલકોનો ખર્ચ ઘટે છે.

**સરકારી સહાય અને તાલીમ:** સરકાર દ્વારા પશુપાલકોને સીધી સહાય, રસીકરણ અને વૈજ્ઞાનિક પશુપાલન માટે જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

### બનાસકાંઠા અને ગ્રામીણ અર્થતંત્ર પર અસર

બનાસ ડેરી સાથે જોડાયેલા હજારો પશુપાલકો આજે આ મિશનનો લાભ લઈ રહ્યા છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પશુપાલન હવે માત્ર નિર્વાહનું સાધન નથી, પણ એક ગૌરવશાળી વ્યવસાય બન્યો છે. તાલીમબદ્ધ પશુપાલકો અને આધુનિક સંસાધનોના કારણે આજે ગ્રામીણ ગુજરાત અને ભારત વધુ લવચીક અને સમૃદ્ધ બન્યું છે.



"રાષ્ટ્રીય ગોકુળ મિશન એ માત્ર સરકારી યોજના નથી, પણ ભારતની પશુ સંપત્તિને પૂજનીય માનતા આપણા સંસ્કારો અને આધુનિક વિજ્ઞાનનો અદ્ભુત સંગમ છે."



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના મજબૂત નેતૃત્વ હેઠળ, રાષ્ટ્રીય ગોકુળ મિશન દ્વારા ભારત 'ડેરી સેક્ટર'માં વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે. પશુપાલકોના ઉત્થાનથી લઈને આત્મનિર્ભર ભારત સુધીની આ મજલ આપણી આવનારી પેઢીઓ માટે પ્રગતિના નવા દ્વાર ખોલશે.



# ગુજરાતના વિકાસમાં સહકારી ક્ષેત્રનું યોગદાન

ગુજરાત રાજ્ય ભારતના આર્થિક અને સામાજિક વિકાસમાં સહકારી ક્ષેત્રના નોંધપાત્ર યોગદાન માટે જાણીતું છે. સહકારી ચળવળ, જેનો પાયો ખેડૂતો અને સામાન્ય નાગરિકોના સશક્તિકરણના ઉદ્દેશ્ય સાથે નાખવામાં આવ્યો હતો, તેણે રાજ્યના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્ર માત્ર આર્થિક પ્રવૃત્તિઓ પૂરતું સીમિત નથી, પરંતુ તે સામાજિક સમાનતા, ગ્રામીણ વિકાસ અને લોકશાહી મૂલ્યોને પણ પ્રોત્સાહન આપે છે.

**સહકારી ક્ષેત્રનો ઉદય અને વિકાસ**

ગુજરાતમાં સહકારી ચળવળનો ઇતિહાસ ઘણો જૂનો છે. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જેવા દીર્ઘદ્રષ્ટા ધરાવતા મહાનપુરુષોએ આ ચળવળને પ્રેરણા આપી હતી. શ્રી ત્રિભુવનદાસ પટેલ જેવા અગ્રણીઓએ ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (આણંદ) ની સ્થાપના કરીને ડેરી સહકારી ક્ષેત્રનો પાયો નાખ્યો, જે પાછળથી અમૂલ બ્રાન્ડ તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત થયું. આ મોડેલે દેશભરમાં શ્વેત ક્રાંતિ લાવવામાં મદદ કરી અને લાખો ખેડૂતોના જીવનમાં પરિવર્તન આણ્યું.

**ગુજરાતના વિકાસમાં સહકારી ક્ષેત્રનું યોગદાન**

સહકારી ક્ષેત્રે ગુજરાતના વિકાસમાં નીચે મુજબના મુખ્ય યોગદાન આપ્યા છે:

ગ્રામીણ સશક્તિકરણ: ખેડૂતો અને ગ્રામીણ સમુદાયોને આર્થિક રીતે સક્ષમ બનાવીને તેમને આત્મનિર્ભર બનાવ્યા છે.

**આર્થિક સમાનતા:** સમાજના નબળા વર્ગોને પશુપાલન જેવા વ્યવસાયો શીખવાડીને આર્થિક લાભ પહોંચાડ્યો છે.

**રોજગારીનું સર્જન:** સહકારી મંડળીઓ દ્વારા લાખો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડવામાં આવી છે.

**લોકશાહી મૂલ્યોનું જતન:** સહકારી મંડળીઓ લોકશાહી ઢબે કાર્ય કરે છે, જ્યાં સભ્યોને નિર્ણય પ્રક્રિયામાં ભાગ લેવાનો અધિકાર હોય છે.


**આધુનિકીકરણ અને ટેકનોલોજી અપનાવવી:** સહકારી ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મ અપનાવીને કાર્યક્ષમતા અને પારદર્શિતા વધારી છે.












**જળ સંકટને પહોંચી વળવા માટે ગામેગામ સામુદાયિક સ્તરે પ્રયાસો થવા લાગ્યા છે. ક્યાંક જૂના તળાવોની સફાઈ થઈ રહી છે, તો ક્યાંક વરસાદી પાણીના સંગ્રહ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. અમૃત સરોવર અભિયાન હેઠળ પણ દેશભરમાં આશરે 70 હજાર અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે.**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી**



# હવે પશુપાલન પણ બની રહ્યું છે હાઈ-ટેક

કૃત્રિમ ગર્ભાધાન (AI), સેક્સ સોર્ટેડ સીમેન અને એમ્બ્રીયો ટ્રાન્સફર જેવી અત્યાધુનિક ટેક્નોલોજીના કારણે પશુપાલન હવે વધુ આધુનિક અને સ્માર્ટ બની રહ્યું છે. આ પદ્ધતિઓ માત્ર પશુઓની ઓલાદ સુધારવા માટે જ નહીં, પણ પશુપાલકોની આવક વધારવામાં પણ મદદરૂપ સાબિત થઈ રહી છે.

**કૃત્રિમ ગર્ભાધાન શું છે? :** આ પદ્ધતિમાં કુદરતી સંવનન વગર વૈજ્ઞાનિક રીતે શ્રેષ્ઠ ગુણવત્તાવાળા આખલા કે પાડાના વીર્યને ગાય કે ભેંસના ગર્ભાશયમાં દાખલ કરવામાં આવે છે.

**ફાયદો:** તે રોગોનું જોખમ ઘટાડે છે અને સામાન્ય ગાયમાં પણ શ્રેષ્ઠ ઓલાદના વાછરડા પેદા કરી શકાય છે.

**સેક્સ સોર્ટેડ સીમેન (વધારે વાછરડીઓ/પાડીઓ) શું છે? :** આ એક ખાસ ટેક્નોલોજી છે જેમાં વીર્યમાંથી નર (નંદી) પેદા કરતા શુક્રાણુઓને અલગ કરી દેવામાં આવે છે.

**ફાયદો:** આનાથી એવી ખાતરી મળે છે કે જન્મેલું બચ્ચું ૯૦% કિસ્સામાં વાછરડી કે પાડી જ હશે. આ ટેક્નોલોજી પશુપાલકોની આવક વધારવા માટે ક્રાંતિકારી છે કારણ કે નર પશુઓની સંખ્યા મર્યાદિત રહે છે.

**એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનિક (ભ્રૂણ પ્રત્યારોપણ)**

**શું છે?:** વધુ દૂધ આપતી 'દાતા' ગાયના ગર્ભને સામાન્ય 'સરગેટ' ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

**ફાયદો:** જે ગાય વર્ષમાં એક જ બચ્ચું આપી શકતી હોય, તેની પાસેથી આ ટેક્નોલોજી દ્વારા વર્ષમાં અનેક ઉત્તમ બચ્ચાઓ મેળવી શકાય છે.

**નસ્લ આધારિત ડેટા રેકોર્ડિંગ શું છે? :** દરેક પશુની નસ્લ, તેનું દૂધ ઉત્પાદન, વેક્સિનેશન અને સ્વાસ્થ્યનો ડેટા ડિજિટલી સાચવવામાં આવે છે.

**ફાયદો:** પશુના વંશાવલીની ખબર પડે છે અને ભવિષ્યમાં તેની કિંમત અને પ્રજનન માટે સાચો નિર્ણય લઈ શકાય છે.




**મુખ્ય ટેક્નોલોજી અને તેના ફાયદા:**

**સેક્સ સોર્ટેડ સીમેન:** આ ટેક્નોલોજી દ્વારા પશુપાલકો નક્કી કરી શકે છે કે તેમને ત્યાં માત્ર 'વાછરડી' કે 'પાડી' જ જન્મે (લગભગ 90% ચોકસાઈ સાથે). આનાથી નર પશુઓની સંખ્યા ઘટાડી શકાય છે અને દૂધાળા પશુઓની સંખ્યા વધારી શકાય છે.

**એમ્બ્રીયો ટ્રાન્સફર (ભ્રૂણ પ્રત્યારોપણ):** ઉચ્ચ ગુણવત્તાવાળી ગાય કે ભેંસના ગર્ભને અન્ય સામાન્ય પશુમાં ટ્રાન્સફર કરીને ટૂંકા સમયમાં શ્રેષ્ઠ ઓલાદના વધુ પશુઓ મેળવી શકાય છે.

**ડિજિટલ પશુ મેનેજમેન્ટ:** પશુઓના કાનમાં લાગેલા સ્માર્ટ ટેગ અને સેન્સર દ્વારા તેમના સ્વાસ્થ્ય, ખોરાક અને દૂધ ઉત્પાદનનું મોનિટરિંગ હવે મોબાઈલ એપ દ્વારા શક્ય બન્યું છે.





**થનારા મોટા લાભ:**

**શ્રેષ્ઠ નસ્લ:** ગામડાના પશુઓમાં પણ ઉચ્ચ ગુણવત્તાવાળા આનુવંશિક ગુણો જોવા મળશે.

**વધુ દૂધ ઉત્પાદન:** સારી નસ્લના કારણે દૂધની ગુણવત્તા અને માત્રા બંનેમાં વધારો થશે.

**ખર્ચમાં ઘટાડો:** બીમારીઓની વહેલી જાણકારી અને સચોટ વ્યવસ્થાપનથી બિનજરૂરી ખર્ચ ઘટશે.

